ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

અનુભવ
શ્રેષ્ઠ સ્કૂલ છે
પણ એ
ફી
આકરી વસૂલે છે

**જન્મદિને વધામણી**



**મીના એચ ત્રિવેદી**
પાસ્ટ પ્રેસીડેન્ટ, લાયોનેસ ક્લબ
મો. ૯૪૨૬૬૩૭૧૦૨



**ફાલ્ગુની ગોવડા**
લાયોનેસ ક્લબ



**પારૂલબેન દવે**
બ્રહ્મસમાજ મહિલા પાંખ



**કનુભાઈ આર વોરા**
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

### પીડીપીયુ ખાતે

# જીયો થર્મલ એનર્જી વિષયે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ



## ભારત સરકારે ૨૦૨૨ ના વર્ષ સુધી ૧૭૫ ગીગાવોટ જેટલું ઉર્જા ઉત્પાદન રીન્યુએબલ એનેર્જી વડે કરવાનું લક્ષ્ય રાખ્યું છે જેમાં જીયો થર્મલ એનેર્જી મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે તેમ છે

ગાંધીનગર, તા. ૧૯

આજના સમય માં વૈશ્વિક સ્તરે ઉર્જા ના ક્ષેત્ર માં ઉર્જાનો વપરાશ એમજ માંગ વધી રહી છે. વધુ વપરાશ ને કારણે વધુ પ્રદુષણ તથા વૈશ્વિક તાપ વૃદ્ધિ (ગ્લોબલ વૉર્મિંગ) જેવા પ્રશ્નો ઉભા થયા છે. આ કારણોસર બિન પરંપરાગત અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો પ્રત્યેજાગૃતિ ઉભી થઇ છે. જીયો થર્મલ એનેર્જી એટલે કે ભૂ-ઉષ્મીય ઉર્જા આ પ્રકારનો સાતત્યપૂર્ણ ઉર્જા સ્ત્રોત છે. સેન્ટર ઓફ એકસલન્સ ફોર જીયો થર્મલ એનેર્જી, પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સીટી ખાતે ૧૭ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સનું આયોજન આઈસલેન્ડ એમ્બસી (એલચી કચેરી), આઈસલેન્ડ જીઓ સર્વે (ISOR), ઔએનજીસી એનેર્જી સેન્ટર અને ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશ-વિદેશના જીયો થર્મલ ક્ષેત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા તથા ટેકનીકલ તથા નીતિ-વિષયક મુદ્દાઓ પર ચર્ચાઓ કરી હતી. આ પ્રસંગે સેન્ટર ઓફ એકસલન્સ ફોર જીયો થર્મલ એનેર્જી તથા વિવિધ રાષ્ટ્રીય તથા અંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. આ સંદર્ભે મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યૂએબલ એનેર્જી (MNRE), ભારત સરકારના પ્રતિનિધિ પણ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત સરકારે ૨૦૨૨ ના વર્ષ સુધી ૧૭૫ ગીગાવોટ જેટલું ઉર્જા ઉત્પાદન રીન્યુએબલ એનેર્જી વડે કરવાનું લક્ષ્ય રાખ્યું છે જેમાં જીયો થર્મલ એનેર્જી મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે તેમ છે.

# જીટીયુમાં સાયન્સના કોમન સબ્જેક્ટના લેક્ચરર પીએચડી કરી શકશે

## ફેકલ્ટી ડેવલપમેન્ટ માટેના તમામ પ્રોગ્રામ માટે પણ યુનિવર્સિટીને મોડેલ તરીકે નિયુક્ત કરાઈ

ગાંધીનગર,તા. ૧૯

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે જોડાયેલી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતાં સાયન્સ અને ઈજનેરીના કોમન વિષયના પ્રોફેસરો માટે અત્યાર સુધી પીએચડી કરવાની વ્યવસ્થા નહોતી. પરંતુ હવે આ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાંથી પીએચડી કરી શકે તેવી વ્યવસ્થા ઓલઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઇ) દ્વારા કરાઈ છે. આ પ્રોફેસરોને પીએચડી દરમિયાન અપાતી ફેલોશીપ પણ કાઉન્સિલ દ્વારા જ અપાશે.

ઈજનેરીની જુદી જુદી ફેકલ્ટીમાં મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને અંગ્રેજી વિષયો આવતા હોય છે. જેથી ડિપ્લોમા અને ડિગ્રી કોલેજોમાં બી.એસસી કે એમએસસી થયેલા સાયન્સના ઉમેદવારોને પણ લેક્ચરર તરીકે નિમણૂક અપાય છે. અત્યાર સુધી સાયન્સના વિષયો ધરાવતાં લેક્ચરરોને ટેકનિકલ યુનિવર્સિટીમાં પીએચડી કરવા માટેની કોઇ વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા તાજેતરમાં સાયન્સના વિષયો સાથે નિમણૂક મેળવનારા લેક્ચરર પણ પીએચડી કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે. ક્વોલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત હવે કોઈપણ સાયન્સના કોમન સબ્જેક્ટના લેક્ચરર પણ પીએચડી કરી શકશે. અત્યાર સુધી યુજીસી દ્વારા પીએચડી માટે થતાં ખર્ચ અને ફેલોશીપ માટે કોઇ અનુદાન અપાતું નહોતું. જેથી આ લેક્ચરરને પીએચડીની મંજૂરી અપાતી નહોતી. પરંતુ હવે આ તમામ ખર્ચ કાઉન્સિલ દ્વારા અપાશે. કાઉન્સિલના આ નિર્ણયના કારણે હવે કોમન સબ્જેક્ટ ધરાવતા વિદ્યાર્થીઓ પણ પીએચડી કરી શકશે. આ ઉપરાંત ફેકલ્ટી ડેવલપમેન્ટ માટેના તમામ પ્રોગ્રામ માટે પણ યુનિવર્સિટીને મોડેલ તરીકે નિયુક્ત કરાઈ છે.

### વિવિધલક્ષી વિદ્યાલય, પાલનપુર મુકામે

# જીસીઈઆરટી દ્વારા આજથી રાજ્યકક્ષાના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા રાજ્ય વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો પ્રારંભ શનિવાર, તા. ૨૦ જાન્યુઆરીથી થઈ રહ્યો છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય તથા જીસીઈઆરટીના નિયામક દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે. કે વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર ખાતે તા. ૨૦થી ૨૩ જાન્યુઆરી દરમિયાન આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો મુખ્ય વિષય ટકાઉ વિકાસ માટે નાવિન્યતા, નવિનીકરણ છે. આ પ્રદર્શનમાં રાજ્યભરમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લઈ રહ્યા છે.

આ પ્રદર્શન-નિદર્શન સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળે તે હેતુથી પ્રૉ. અનિલ ગુપ્તા, સૃષ્ટિ ફાઉન્ડેશન, ડૉ. નલિન પંડિત, પૂર્વ નિયામક, જીસીઈઆરટી, ડૉ. જે જે રાવલ, પૂર્વ નિયામક, નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ, ડૉ. ગિજુભાઈ ભરાડ, જાણીતા કેળવણીકાર, ડૉ. આર એમ પંડ્યા, પૂર્વ વૈજ્ઞાનિક, ઈસરો, અમદાવાદ, ડૉ. પંકજ જોષી, ટાટા ઈન્સ્ટીટ્યુટ, મુંબઈ, ડૉ. ટી પી સિંગ, નિયામક, બાયસેગ જેવા વક્તાઓનાં વક્તવ્યોનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેઓ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી રહ્યા છે.

આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ, જાતે પ્રયોગો કરીએ અને નડાબેટ-સીમાદર્શનની મુલાકાતનું પણ આયોજન આ પ્રદર્શન સંગ કરવામાં આવ્યું છે.

# ગુજરાત શીખ સમાજ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત



ગુજરાત શીખ સમાજ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે નગર અને રાજ્યના શીખ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત માઈનોરિટી ફાઈનાન્સ અને ડૅવલપમૅન્ટ કૉર્પોરેશનનાં ડિરેક્ટર પરમજીત કૌર છાબડાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી મુખ્યમંત્રીને શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી પાસેના અંતરિયાળ વિસ્તારમાં સેવાકાર્યોની મશાલ જગાવવામાં આવી હતી. બોરનાલા-૧, બોરનાલા-૨, રાની ઓડ તથા ગુજરાતના છેલ્લા ગામ ખાખલધરાને આ સેવાકાર્યમાં આવરી લેવામાં આવ્યું હતું. અહીંની પ્રાથમિક શાળાના ૩૩૭ જેટલા વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર, નવાં કપડાં, દફતર, બોલપેન, નાસ્તો તથા બિસ્કીટના પેકેટ્સનું વિતરણ કર્યું હતું. સંસ્થા વતી શ્રી માલીવાડજી, જનાર્દનભાઈ, મિલિન્દભાઈ તથા યોગેશભાઈ આ સેવાકાર્યોમાં સાથે રહ્યા હતા. ભીમજીભાઈ તથા શિક્ષકોનો સહયોગ આ માટે પ્રાપ્ત થયો હતો.

### ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે

# અભિનેતા-દિગ્દર્શક પ્રવીણ જોષીની પૂણ્યતિથિ નિમિત્તે વક્તવ્ય યોજાયું

## નાટક જોવાની હોડમાં સૌને સામેલ કરનાર એક અનોખો બાજીગર એટલે પ્રવીણ જોષી : મહેશ ચંપકલાલ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જાણીતા અભિનેતા અને દિગ્દર્શક પ્રવીણ જોષીની પૂણ્યતિથિ નિમિત્તે 'રંગરાજવી પ્રવીણ જોષી' વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વાત કરતાં મહેશ ચંપકલાલે કહ્યું કે, મારા તમારા સૌના હૃદયનો સમ્રાટ એટલે પ્રવીણ જોષી. પ્રવીણ જોષીની ખરી વિશિષ્ટતા તો તેમની ભાષામાં હતી. ગુજરાતી ભાષા પરત્વેની તેમની પ્રીતિ, ઊંડી સમજ અને ચીવટને કારણે અન્ય કલાકારો, દિગ્દર્શકોથી તેઓ નોખા તરી આવતા. અન્ય દિગ્દર્શકો ફક્ત ચોટદાર સંવાદોથી સંતોષ માનતા જ્યારે પ્રવીણ જોષી ભાષા ઉપરના તેમના પ્રબળ પ્રભુત્વને કારણે શબ્દે શબ્દની વ્યંજનાને પકડતા. એમને ચોટ સાથે સંબંધ નહોતો. અર્થનું તેમને મન પરમ મહત્વ હતું એટલે જ શબ્દમાંથી એ ભાવ પ્રગટાવવા મથતા. સંવાદમાંથી સંગીત પેદા કરતા. પ્રેક્ષકોને આંજી નાંખવાને બદલે એને ભાવાવેશમાં લઈ જઈ મંત્રમુગ્ધ અવસ્થામાં મૂકી દેતા. ગુજરાતી પ્રેક્ષકોને તેઓ ક્યારેય મરાઠી કે બંગાળી પ્રેક્ષક કરતાં ઉતરતો ગણતા નહીં, ને એટલે આજે અવસાનના ચાર ચાર દાયકા પછી પણ પ્રવીણ જોષી પ્રેક્ષકોના હૃદયમાં એવા ને એવા તરોતાજા ધબકી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, અમદાવાદને સતત દોઢ-બે મહિના સુધી નાટકોનું ઘેલું લગાડનાર, 'પારેખ્સ'થી પ્રેમાભાઈ હોલ સુધી ટિકિટો માટે લાંબી લાંબી લાઈનોમાં ઊભા રહીને પણ 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે નાટક જોવાની હોડમાં સૌને સામેલ કરનાર એક અનોખો બાજીગર એટલે પ્રવીણ જોષી. એક દિગ્દર્શક તરીકે પ્રવીણ જોષીએ આપણને શું શું નથી આપ્યું? 'મોગરાના સાપ'થી માંડી 'મોસમ છલકે' પર્યન્તનાં નાટકોએ આપણને પરિચય કરાવ્યો. .

'સપ્તપદી', 'સપનાનાં વાવેતર', 'કુમારની અગાશી', 'સંતુ રંગીલી' અને 'શરત' જેવાં નાટકોથી 'સરિતા'ને શ્રેષ્ઠ અભિનેત્રીનું બિરુદ અપાવ્યું તો 'ધુમ્મસ', 'ખેલંદો' કે 'શરત' જેવાં નાટકોથી અરવિંદ જોષીને ઉત્તમ અભિનેતા તરીકે પ્રસ્થાપિત કરી આપ્યા. વિજય કાપડિયાને ટોચના સન્નિવેષકાર તરીકે ને ગૌતમ જોષીને શીર્ષસ્થ પ્રકાશ આયોજક તરીકે મૂર્ધન્ય સ્થાન અપાવ્યું. એડવાન્સ બુકિંગ માટે મુંબઈ અને ગુજરાતના વિવિધ શહેરોમાં સવારના પહોરમાં ટિકિટો ખરીદવા લાંબી કતારો થાય એવી પ્રતિષ્ઠા અપાવી.

### વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુર અને ગુજરાત સ્ટેટ કલ્ચરલ ઍકેડેમી, ગાંધીનગર દ્વારા રંગ બહાર સંસ્થાના સહયોગથી

# આજથી ૯મા નૅશનલ ડ્રામા ફૅસ્ટીવલનો પ્રારંભ





## ચાર નાટકો અમદાવાદ ખાતે અને એક નાટક ગાંધીનગર ખાતે ભજવાશે

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદ ખાતે શનિવારથી ૯મો નેશનલ ડ્રામા ફેસ્ટીવલ આરંભાઈ રહ્યો છે.

વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુર અને ગુજરાત સ્ટેટ કલ્ચરલ ઍકેડેમી, ગાંધીનગર દ્વારા અમદાવાદની સંસ્થા રંગ બહારના સહયોગથી ૯મા નેશનલ ડ્રામા ફેસ્ટીવલનું આયોજન ૨૦થી ૨૮ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આ ડ્રામા ફેસ્ટીવલ અંતર્ગત તા. ૨૦ જાન્યુઆરીના રોજ રંગ વિષારદ થિયેટર, દિલ્હી દ્વારા 'લાગી છૂટે ના' નાટક રજૂ થશે. હિરક મહોત્સવ જયંતિ હોલ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આ નાટકનું મંચન કરવામાં આવશે.

તા. ૨૧ જાન્યુઆરીના રોજ સેવા, રેવા, ઍમપી દ્વારા 'બડે ભાઈ સાહબ' નાટક રાત્રે ૮.૩૦ કલાકે ગૂજરાત વિદ્યાપીઠના આ જ હૉલમાં ભજવવામાં આવશે.

તા. ૨૬ જાન્યુઆરીના રોજ પંડિત દિનદયાલ ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, અમદાવાદ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ફંટૂશ પ્લેયર્સ, મુંબઈ દ્વારા 'શ્રીમાન ચોર' નાટકની ભજવણી થશે.

તા. ૨૭ જાન્યુઆરીના રોજ પંડિત દિનદયાલ ઓડિટોરિયમ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે લિટલ થેસ્પીયન, કોલકાતા દ્વારા 'રુહિન' નાટકની ભજવણી કરવામાં આવશે.

તા. ૨૮મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે એમેચ્યોર થિયેટર ગ્રુપ, જમ્મુ દ્વારા 'અ બ્રોકન ચેર' નાટકની ભજવણી કરવામાં આવશે.